# રાજ્યમાં કડાકા-ભડાકા સાથે વરસાદ

## મેઘરાજા બે દિવસ વહેલા પધાર્યા : વરસાદથી રાજ્યભરમાં જુદા જુદા અકસ્માતના પગલે સાતનાં મોત : ચોમાસાના આગમન સાથે છેલ્લા કેટલાક દાયકામાં સૌથી વધુ ગરમ તેવા આ વર્ષના ઉનાળામાં શેકાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો અને ગરમીમાં થોડી રાહત વળી હતી

અમદાવાદ,તા.૧૪

રાજ્યમાં આકરી ગરમીથી શેકાતા લોકોને રાહત આપતા સોમવારે આખરે મેઘરાજાએ ગુજરાતમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી. રાજ્યમાં શનિવારની રાત અને રવિવારે અનેક વિસ્તારમાં કડાકા ભડાકા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. જોકે આ પહેલા જ વરસાદમાં રાજ્યભરમાં જુદા જુદા અકસ્માતના પગલે ૭ લોકોના મોત થયાનું પણ સામે આવ્યું છે. જે પૈકી ચાર લોકોના મોત વીજળી પડતાં થયા હતા, જ્યારે મોરબી જિલ્લામાં વરસાદના કારણે એક મકાનની દિવાલ ધરાશાયી થતાં એક જ પરિવારના ત્રણ વ્યક્તિના મોત થયા હતા. ભારતના હવામાન વિભાગના ગુજરાત કેન્દ્રના વડા મનોરમા મોહંતીએ જણાવ્યું હતું. દક્ષિણ પશ્ચિમ ચોમાસુ સોમવારે ગુજરાતમાં પ્રવેશ્યું હતું. સામાન્ય રીતે, રાજ્યમાં ચોમાસાના આગમનની અપેક્ષિત તારીખ ૧૫ જૂન હોય છે. જોકે આ વખતે ચોમાસુ બે દિવસ વહેલું આવી ગયું છે.'' રાજ્યમાં ચોમાસાના આગમન સાથે છેલ્લા કેટલાક દાયકામાં સૌથી વધુ ગરમ તેવા આ વર્ષના ઉનાળામાં શેકાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો અને ગરમીમાં થોડી રાહત વળી હતી.

અમદાવાદ શહેરમાં રવિવારની રાત્રે અને સોમવારે સવારના વરસાદે ખૂબ જ જરૂરી રાહત આપી છે. શહેરના કેટલાક ભાગોમાં સોમવારે વહેલી સવારે ઝરમરથી હળવો વરસાદ નોંધાયો હતો. તો આ સાથે જ અકસ્માતોની પણ વણઝાર ઘટી હતી. જેમાં શહેરના આંબેડકર બ્રિજ પર ઘણા મુસાફરો ઓઈલ ઢોળાવાના કારણે લપસી ગયા હતા. તેવો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જ્યારે શહેરમાં સોમવારે લગભગ આખો દિવસ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. ભારતના હવામાન વિભાગ બુલેટિનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે 'દક્ષિણપશ્ચિમ ચોમાસું અરબી સમુદ્રના કેટલાક વધુ ભાગો, ગુજરાતના કેટલાક વિસ્તારો, સમગ્ર કોંકણ, મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારો, મરાઠાવાડા અને કર્ણાટકના મોટાભાગના ભાગ, તેલંગાણા અને રાયલસીમાના કેટલાક ભાગો, તમિલનાડુના કેટલાક વધુ ભાગ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળના વિસ્તારો અને બિહારના કેટલાક વિસ્તારમાં આગળ વધ્યું છે.' તેમાં ઉમેર્યું હતું કે આગામી ૪૮ કલાકમાં ઉત્તર અરબી સમુદ્રના કેટલાક વધુ ભાગો અને ગુજરાત રાજ્ય સહિત દેશના અન્ય ભાગોમાં ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ છે. આ સાથે ગુજરાત માટે હવામાન વિભાગે આગાહી કર્યા મુજબ મંગળવારે રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ દર્શાવાઈ છે.



# ભકતોની હાજરીમાં ભગવાન જગન્નાથ મોસાળમાં પહોંચ્યા

## સવારે જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, હવે ભગવાન જગન્નાથ સરસપુરમાં મામાના ઘરે પહોંચ્યા છે

અમદાવાદ, તા.૧૪

ભગવાન જગન્નાથની રથયાત્રા અષાઢી બિજ એટલે કે ૧ જુલાઈએ નિકળવાની છે. આજે સવારે જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રથયાત્રા પૂર્વે અને પરંપરા પ્રમાણે જેઠ સુદ પૂનમ એટલે કે આજે ભવ્ય જળયાત્રા નિજ મંદિરેથી નીકળી સાબરમતી નદીના ભૂદરના આરે પહોંચીને તમામ વિધીઓ પૂર્ણ કરીને પાછી ફરી હતી. ભક્તોના જય રણછોડ માખણચોરના નાદ સાથે નિજ મંદિર ગૂંજી ઉઠ્યું હતું. ભગવાન જગન્નાથજીનો જળાભિષેક કરવામાં આવ્યો હતો. હવે ભગવાન જગન્નાથ મોસાળમાં પહોંચ્યા છે.



રથયાત્રા પહેલા ભગવાન જગન્નાથ સરસપુરમાં મામાને ઘરે પહોંચ્યા છે. હવે ૧૫ દિવસ સુધી ભગવાન અહીં રહેવાના છે. ભગવાન જગન્નાથના આગમનને લઈને સરસપુરમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અહીં મોટી સંખ્યામાં ભગવાનના વધામણા કરવા માટે ભક્તો હાજર છે. હવે સરસપુર મંદિરમાં ૧૫ દિવસ ભગવાન જગન્નાથને લાડ લડાવવામાં આવશે.

ભગવાન જગન્નાથજીની રથયાત્રા આ વખતે ધામધૂમથી નીકળવાની છે, ત્યારે રથયાત્રા પૂર્વે અને પરંપરા પ્રમાણે જેઠ સુદ પૂનમ એટલે કે આજે ભવ્ય જળયાત્રા નિજ મંદિરેથી નીકળી સાબરમતી નદીના ભૂદરના આરે પહોંચીને તમામ વિધીઓ પૂર્ણ કરીને પાછી ફરી છે.

# વિધાનસભા ચૂંટણી પહેલા પાટીદાર સમાજની આવતીકાલે મહાબેઠક

## વિશ્વઉમિયાધામ જાસપુર ખાતે મળશે બેઠક : પાટીદાર સમાજના આંદોલનકારી જૂથો પાસ અને એસપીજીના આગેવાનોને આમંત્રણ અપાયું નથી

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં જેમ જેમ વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ સામાજિક આગેવાનો પોત પોતાના સમાજની માંગોને લઈ સક્રિય થઈ ગયા છે.

સરકાર સમક્ષ પ્રેશર પોલિટીક્સની રમત રમાઈ રહી છે. તો આ તરફ ગુજરાતમાં ૧૪% વોટબેંક ધરાવતા પાટીદાર સમાજની મહાબેઠક મળી રહી છે.આવતીકાલે અમદાવાદમાં વિશ્વઉમિયાધામ જાસપુર ખાતે પાટીદારોની મુખ્ય સંસ્થાઓના પ્રમુખોની બેઠક મળશે. પ્રમુખ-મંત્રીઓ અને ટ્રસ્ટીઓની બંધબારણે યોજાનારી આ બેઠકમાં પાટીદાર સમાજના રીત રિવાજ, હાલ પ્રશ્નો તેમજ અનામત કેસ પરત અને જૈંની ભરતીમાં સવર્ણ સમાજને થયેલાં અન્યાય મુદ્દે પણ ચર્ચા થશે.

મહત્વનું છે કે પાટીદાર સમાજના આગેવાનોની આ બેઠક ચૂંટણી સમયે મળી રહી છે. ત્યારે બેઠકમાં થયેલા મંથન બાદ સરકાર સમક્ષ અમુક માગણીઓ એક જૂથ થઈ રાખવામાં આવી શકે જેનો સીધો ફાયદો સમાજને થઈ શકે છે. સાથે મુઝવતા સામાજિક મુદ્દા પર પણ એકમત થઈ કોઈ નિર્ણય સમાજ માટે જાહેર કરવામાં આવી શકે છે. મહત્વનું છે કે આ બેઠકમાં પાટીદાર સમાજના સામાજિક સંસ્થાના અગ્રણી સિવાય અન્ય કોઈ પણને પણ આ મહત્વની મીટિંગ માટે આમંત્રણ આપવામાં આવ્યું નથી. ખાસ કરીને આંદોલન સાથે જોડાયેલા પાસ આગેવાનો તેમજ એસપીજી જેવા પાટીદાર સમાજના સક્રિય જૂથો આ બેઠકમાં ભાગ નહીં લે.

# આગામી ૧૮મીએ માતૃશક્તિ યોજનાનો પ્રધાનમંત્રી મોદીના હસ્તે શુભારંભ

## પ્રસૂતિ પછીના પ્રથમ ૧,૦૦૦ દિવસ દરમિયાન પ્રસૂતા માતાઓને યોગ્ય પોષકતત્વો ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારે જાહેર કરી મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના : ગુજરાતના તમામ આદિજાતિ તાલુકાઓમાં પોષણ સુધા યોજના પણ લોન્ચ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૪

આગામી તા. ૧૮ જૂનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ગુજરાતના વડોદરામાં 'ગુજરાત ગૌરવ અભિયાન' કાર્યક્રમ આયોજન કરાયું છે. જેમાં વડાપ્રધાનના હસ્તે રૂ.૨૧,૦૦૦ કરોડથી વધુ રકમના વિવિધ વિભાગોના વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યભરમાં 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' (MMY)નો શુભારંભ કરાવશે. મહિલાઓની સગર્ભાવસ્થાથી માંડીને ૧,૦૦૦ દિવસ સુધી માતા અને બાળકોને પોષણયુક્ત આહાર પૂરો પાડવા અને તેમના પોષણની સ્થિતિમાં સુધાર લાવવાના ઉદ્દેશથી ગુજરાત સરકાર દ્વારા 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' જાહેર કરવામાં આવી છે. આ સાથે જ રાજ્યના તમામ આદિજાતિ તાલુકાઓમાં 'પોષણ સુધા યોજના'નું પણ લોન્ચિંગ કરવામાં આવશે જે યોજના હેઠળ આદિજાતિ વિસ્તારની મહિલાઓને આવરી લેવામાં આવશે.

### શું છે મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના ?

માતાનું નબળું પોષણ સ્તર ગર્ભમાં રહેલા બાળકના વિકાસને અવરોધે છે, જે આગળ જતા બાળકના નબળા આરોગ્યમાં પરિણમે છે. સગર્ભા માતાઓમાં કુપોષણ અને પાંડુરોગ બાળકના વૃદ્ધિ અને વિકાસ પર ગંભીર અસર કરે છે. મહિલા ગર્ભ ધારણ કરે તે ૨૭૦ દિવસ અને બાળકના જન્મથી ૨ વર્ષ સુધીના ૭૩૦ દિવસ, એટલે કે કુલ ૧,૦૦૦ દિવસના સમયગાળાને 'ફર્સ્ટ' વિન્ડો ઓફ ઓપોર્ચ્યુનિટી' કહેવામાં આવે છે, જે સમય દરમિયાન માતા અને બાળકનું પોષણ સ્તર સુદૃઢ બનાવવું જરૂરી છે. આ બાબતના મહત્વને સમજીને ભારત સરકારના 'પોષણ અભિયાન' અંતર્ગત માતા અને બાળકના આ ૧,૦૦૦ દિવસ ઉપર ફોકસ કરવાનું જણાવવામાં આવ્યું છે. આ તબક્કા દરમિયાન માતાના આહારમાં અન્ન અને પ્રોટીન, ફેટ તેમજ અન્ય સૂક્ષ્મ પોષકતત્વો ઉપલબ્ધ થાય તે ખૂબ અગત્યનું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા આ ૧,૦૦૦ દિવસ દરમિયાન સગર્ભા અને પ્રસૂતા માતાઓને પોષણયુક્ત આહાર પૂરો પાડવાના ઉદ્દેશથી 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' મંજૂર કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં તમામ પ્રથમ સગર્ભા અને પ્રથમ પ્રસૂતા માતા તથા આરોગ્ય વિભાગના સોફ્ટવેરમાં સગર્ભા તરીકે અથવા જન્મથી બે વર્ષના બાળકની માતા તરીકે નોંધાયેલ લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજના અંતર્ગત દરેક લાભાર્થીને દર મહિને આંગણવાડી કેન્દ્ર પરથી રાશન તરીકે બે કિલો ચણા, એક કિલો તુવેર દાળ અને એક લિટર સીંગતેલ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષના બજેટમાં રૂ.૮૧૧ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે અને આગામી પાંચ વર્ષ માટે રૂ. ૪,૦૦૦ કરોડથી વધુ રકમની જોગવાઈ કરવામાં આવશે.

આ યોજનાથી માતા અને બાળકના પોષણની સ્થિતિમાં સુધારો થશે. અપૂરતા મહિને જન્મ અથવા ઓછા વજનવાળા બાળકોના જન્મની સંખ્યામાં ઘટાડો થશે અને સંપૂર્ણ સ્વસ્થ બાળકોનો જન્મ થશે. આ સાથે જ માતા મૃત્યુદર અને બાળમૃત્યુદરમાં પણ ઘટાડો થશે.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રેલવેના ૧૬૩૬૯ કરોડના ૧૮ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

## વડોદરામાં ૫૭૧ કરોડના ખર્ચે નિર્માણ થનાર ભારતીય ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયના નવા ભવનનું વડાપ્રધાનના હસ્તે ખાતમુહૂર્ત કરાશે

ગાંધીનગર, તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં આગામી તા.૧૮ જૂન, ૨૦૨૨ ના રોજ વડોદરામાં કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગુજરાતમાં રેલવેના વિવિધ રૂ.૧૬,૩૬૯ કરોડના ૧૮ પ્રોજેક્ટનું લોકાર્પણ ખાતમુહુર્ત કરવામાં આવશે. વડાપ્રધાન હસ્તે રેલવેના વિવિધ રૂ.૧૦૭૪૯ કરોડના ખર્ચે નિર્માણ થયેલ પાંચ પ્રોજેક્ટનું લોકાર્પણ તથા રૂ. ૫૬૨૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર વિવિધ ૧૩ પ્રોજેક્ટનું ખાતમુહુર્ત કરવામાં આવશે.

વડાપ્રધાન વડોદરામાં રૂ. ૫૭૧ કરોડના ખર્ચે નિર્માણ થનાર ભારતીય ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયના નવા ભવનનો પણ શિલાન્યાસ કરશે. કેન્દ્ર સરકાર વડોદરા સ્થિત રાષ્ટ્રીય રેલ્વે પરિવહન સંસ્થાનું નામ બદલીને ભારતીય ગતિશક્તિ વિશ્વ વિદ્યાલય કરવા જઈ રહી છે. આની સાથે આ વિશ્વવિદ્યાલયને કેન્દ્ર યુનિવર્સિટીનો દરજ્જો પણ આપવામાં આવનાર છે. વડોદરામાં વર્ષ ૨૦૧૮ માં રાષ્ટ્રીય રેલ્વે પરિવહન સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ રેલ રોડ પરિવહન સિસ્ટમ તથા સંશોધન કાર્યોનો વિસ્તાર કરવાનો છે. આ વર્ષે કેન્દ્રીય અંદાજપત્રમાં પીએમ ગતિ શક્તિ યોજના પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પીએમ ગતિ શક્તિ યોજનાની મદદથી દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનો ઝડપી વિકાસ થશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૭૨૫૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ પાલનપુર- મદાર ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનું લોકાર્પણ તેમજ ગેજ પરિવર્તન બાદ અમદાવાદ-બોટાદ રેલવે પેસેન્જર ટ્રેનનું ફ્લેગ ઓફ કરાવશે. આ ઉપરાંત લુનિધાર-ઢસા, પાલનપુર-રાધનપુર પેસેન્જર ટ્રેનને પણ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગાંધીધામમાં લોકોમોટીવ મરામત ડેપો, સુરત, ઉધના, સોમનાથ, સાબરમતી રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટના કામોના ખાતમુહૂર્ત કરશે. વિજાપુર-આંબલીયાસ નડિયાદ-પેટલાદ, કડી-કટોસણ, આદરજ મોટી-વિજાપુર, જંબુસર-સમની, પેટલાદ-ભાદરણ અને હિંમતનગર-ખેડબ્રહ્મા રેલવે લાઈનના ગેજ પરિવર્તનના કામોનું ખાતમુહૂર્ત પણ વડાપ્રધાનના હસ્તે કરવામાં આવશે.



ગત રવિવાર સ્વ. હિમાંશુભાઈ યાદવ અને કાજલબહેન યાદવની સુપુત્રી કુ. નિત્યા યાદવનો આરંગેત્રમ સમારોહ કડવા પાટીદાર હોલમાં યોજાઈ ગયો. આ પ્રસંગે બાર વર્ષની ગાંધીનગરની કલા પ્રવિણ દિકરીને ગાંધીનગરના કોટન સ્કલ્પચર પર કાર્ય કરતા અને વૈશ્વિક ઓળખ ધરાવતા શ્રીમતી રંજનબેન ભટ્ટે અને તેમના પુત્ર હરિન ભટ્ટ જેઓ ગાંધીનગરના જાણીતા ચિત્રકાર અને કાર્ટુનિસ્ટ છે તેમણે ફેબ્રિક આર્ટમાં બનાવેલી ભરત નાટ્યમની સુંદર પ્રતિકૃતિ ચિ. નિત્યાને ભેટ કરી હતી.

## રીસામણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિખેરાઈ ગયા હતા. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રી રહ્યુ હતુ ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો હતો. જો કે વરસાદી વાયરા વચ્ચે સતત બીજા દિવસે પણ મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની અંદર રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૬.૪ ડીગ્રી રહ્યુ હતુ. ગઈકાલે પણ વરસાદી વાતાવરણના અંતે ગરમીનો પારો ૩૬ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયો હતો. ગાંધીનગરમાં આ વર્ષે ગરમીનો મિજાજ ઉગ્ર રહ્યો હતો છેલ્લા ત્રણ મહીનાથી કાતિલ ગરમીએ નગરજનોને બેબાકળા કરી દીધા છે. જયારે હવે જુન મહીનાના મધ્યમાં નગરજનો કાગડોળે વરસાદની વાટ નિહાળી રહ્યા છે.

જયારે ગાંધીનગર શહેર આસપાસના વિસ્તારો અને જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ ભારે વરસાદી ઝાપટાના લીધે ઠંડક પ્રસરી છે. પરંતુ ગાંધીનગરમાં મેઘરાજા હજુ રિસાયેલા છે. આજે સાંજે શહેરમાં ચ -૦ પાસે વરસાદનુ ધોધમાર ઝાપટુ વરસ્યુ હતુ જયારે સેકટરોમાં માત્ર માટી ભીંજવીને મેઘરાજા અદ્રશ્ય થઈ ગયા હતા. ગાંધીનગર આસપાસના વિસ્તારમાં વરસાદી ઝાપટુ વરસતા ગરમીનુ જોર ઘટી ગયુ છે. પરંતુ રોજબરોજ આકાશમાં ગોરંભાયેલા વાદળો મનમુકીને વરસવાની બદલે છાંટણા નાંખી વિદાય લેતા નગરજનો પણ હવે ધોધમાર વરસાદની વાટે છે.

જો કે ધોધમાર વરસાદના અંતે પણ શહેરમાં એકાદ દિવસની ભીંજાવાની મજા બાદ સજા ભોગવવી પડે તેવી સ્થિતિ હોવાનો આક્રોશ પણ સેકટરવાસીઓ વ્યકત કરી રહ્યા છે. સેકટરોમાં ઠેર ઠેર ખોદાયેલા ખાડા અને ગંદકીના સામ્રાજય વચ્ચે વરસાદી ઋતુ સેકટરવાસીઓ માટે ડગલે ને પગલે દુવિધાઓ લઈને આવશે તેવી ચિંતા પણ નગરજનોને સતાવી રહી છે.

## સ્ટેન્ડની હરાજી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે મહાનગરપાલિકાએ પણ ઈ બાઈક મુકવાની વાતો કરી કાંઈ કર્યુ નથી જેના લીધે હાલ શહેરમાં સાયકલ શેરિંગ પ્રોજેકટનુ પિલ્લુ વળી ગયુ છે. બીજીતરફ વર્ષો સુધી શહેરના માર્ગો પર ટ્રીન ટ્રીન થતી સાયકલ સવારી અદ્રશ્ય થઈ ગઈ છે. શહેરના ખુલ્લા અને પહોળા માર્ગો પર સાયકલ ટ્રેક પણ તૈયાર કરાયા હતા જેની પાછળ પણ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો સાયકલો અને સ્ટેન્ડની હરાજી સાથે ગંદકીથી ખદબદતા સાયકલ ટ્રેક પણ અદ્રશ્ય થઈ ગયા છે. તંત્રએ સાયકલ શેરીંગ પ્રોજેકટ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કર્યો જયારે કોર્પોરેશને પણ આ પ્રોજેકટને જીવંત રાખવામાં કોઈ રસ દાખવ્યો નહીં સરવાળે આખી યોજના અને ખર્ચ પર પાણીઢોળ થઈ ગયુ છે.

## રેકોર્ડ સ્તરે

● અનુસંધાન પહેલાનું ચાલુ

લુઝ મોનિટરી પોલિસી એટલેકે સસ્તા વ્યાજદરની નીતિ હવે ભારત સહિત વિશ્વને પરેશાન કરી રહી છે. અમેરિકામાં આ સપ્તાહે આવેલ આંકડા અનુસાર મોંઘવારીનો દર ૪૦ વર્ષની નવી ટોચે પહોંચ્યા બાદ ભારતમાં પણ આજે આવેલ જથ્થાબંધ મોંઘાવરીના આંકડાએ સામાન્ય જનતાને રડાવ્યા છે અને સરકાર તથા આરબીઆઈની ચિંતામાં વધારો કર્યો છે.દેશમાં મે મહિનામાં જથ્થાબંધ ફુગાવો નવી ટોચે પહોંચ્યો છે. કોમર્સ મિનિસ્ટ્રીના આંકડા અનુસાર હોલસેલ પ્રાઈસ ઈન્ડેકસ મે મહિનામાં ૧૫.૮૮%ના રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે,જે ૨૦૧૨ બાદનું સૌથી ઉચ્ચતમ સ્તર છે.

એપ્રિલ, ૨૦૨૨માં ડબલ્યુપીઆઈ ઈન્ડેકસ ૧૫.૦૮% હતો અને મે, ૨૦૨૧માં ૧૩.૧૧% હતો.. કોર ઈન્ફલેશન રેટ ૧૦.૫૦% રહ્યો છે. માસિક દ્રષ્ટિએ ખાદ્ય મોંઘવારી દર ૮.૮૮%થી વધીને ૧૦.૮૯% થઈ છે. શાકભાજીનો મોંઘવારી દર ૨૩%ની સામે ૫૬.૩૬%એ પહોંચ્યો છે. અનાજ એટલેકે પલ્સ ઈન્ફલેશન -૩.૬૯%ની સામે -૦.૩૪% થયો છે. બટાટાનો મોંઘવારી દર ૧૯%ની સામે ૨૪% થયો છે.ડબલ્યુપીઆઈ ફ્યુઅલ અને પાવર ઈન્ડેકસ ૪૦.૬૨%એ પહોંચ્યો છે. મિનરલ ઈન્ફલેશન ૩૩.૯૪% મે મહિનામાં જોવા મળ્યો છે.ચોંકાવનારી વાત એ છે કે સતત બે મહિના આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં વધારો કરીને રેપોરેટ ૦.૯૦%નો વધારો કરવા છતા જથ્થાબંધ ભાવાંક સતત ૧૪મા મહિને ડબલ ડિજિટમાં એટલેકે ૧૦%ની ઉપર રહ્યું છે.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ (અમદાવાદ)નું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૪

ઉનાવા (જિ. મહેસાણા)ના વતની અને અમેરિકા સ્થિત સંજયભાઈ નટવરલાલ (જયંતીલાલ) શાહને, તેમની સમાજ તથા રાષ્ટ્ર પ્રત્યેની નિઃસ્વાર્થ સેવા માટે અમેરિકાના પ્રેસિડેન્શિયલ એવોર્ડ લાઈફટાઈમ એચિવમેન્ટથી સન્માનિત કરાયા છે. તેમને અમેરિકાના પ્રમુખ જોસેફ બાઈડેન દ્વારા આ એવોર્ડ એનાયત થયો છે. એક ભારતીય વ્યક્તિને આ રીતે સન્માન મળે એ તેમની જ્ઞાતિ શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ (અમદાવાદ) સમાજનું તેમજ સમગ્ર ભારત દેશનું પણ ગૌરવ છે.

# ઈડીઆઈઆઈનો પદવીદાન સમારોહ યોજાયો

## ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં

અમદાવાદ, તા. ૧૩

દેશમાં ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ શુક્રવારે તેના વિશાળ કેમ્પસમાં ૨૧માં પદવીદાન સમારોહનું ભવ્ય આયોજન કર્યું હતું. તેમાં કુલ ૧૪૭ વિદ્યાર્થીઓને ડિપ્લોમા અને ફેલો એનાયત કરાયા હતાં, જેમાં ૧૩૯ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અને મેનેજમેન્ટમાં ૮ વિદ્યાર્થીઓને ફેલો સામેલ હતાં.

આ પ્રસંગે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના ભુતપૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં તથા તેમણે પદવીદાન સમારોહને સંબોધન કર્યું હતું. રાજ્યપાલે ગ્રેજ્યુએટ થયેલાં વિદ્યાર્થીઓને સ્કોલોસ્ટિક મેડલ્સ પણ એનાયત કર્યાં હતાં.

ઈડીઆઈઆઈના પ્રેસિડેન્ટ તથા આઈડીબીઆઈ બેંક લિમિટેડના એમડી અને સીઈઓ રાકેશ શર્માએ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી.

આ પ્રસંગે ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ રાજ્યપાલનું સ્વાગત કર્યું હતું તેમજ ગુજરાત અને ઉત્તર પ્રદેશમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સહિત વિવિધ ટાર્ગેટ ગ્રૂપ વચ્ચે ઉદ્યોગસાહસિકતાને મજબૂત કરવા ઈડીઆઈઆઈએ હાથ ધરેલી કેટલીક પ્રવૃત્તિઓ હાઈલાઈટ કરી હતી.

શ્રીમતી આનંદીબેન પટેલે પદવીદાન સમારોહમાં તેમના પ્રેરણાદાયી વક્તવ્યમાં કહ્યું હતું કે "મને આનંદ છે કે એક સમાજ તરીકે આપણે ઉદ્યોગ સાહસિકતાને કારકિર્દીના બીજા વિકલ્પોના સમકક્ષ મૂકવા કેન્દ્રિત પ્રયાસો હાથ ધર્યા છે. ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના એક સ્વાભાવિક વિકલ્પ તરીકે પ્રોત્સાહિત કરવાની જરૂર છે અને તેને શિક્ષણનો એક હિસ્સો બનવો જોઈએ કે જ્યાં વિદ્યાર્થીઓ નાની ઉંમરેથી જ સફળતાના ગુણો અને મૂલ્યો ગ્રહણ કરે, જેના થકીતેઓ ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના સ્વભાવિક વિકલ્પ તરીકે પસંદ કરવા પ્રેરાય." ઈન્સ્ટિટ્યૂટના આધુનિક પ્રોગ્રામને હાઈલાઈટ કરતાં રાજ્યપાલે વધુમાં જણાવ્યું હતું કે, "ઈડીઆઈઆઈનો અભ્યાસક્રમ અને શૈક્ષણિક પદ્ધતિઓ સમકાલીન છે તથા તેના ૭૮ ટકા ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ બિઝનેસમાં હાંસલ કરેલી સફળતામા તે પ્રદર્શિત થાય છે. ઈડીઆઈઆઈમાં પ્રશિક્ષિત કેટલાંક ઉદ્યોગ સાહસિકોએ પ્રતિષ્ઠિત પ્લેટફોર્મ્સ ઉપર એવોર્ડ મેળવ્યાં છે."